શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સંચાલિત

# પંચોલી નવયુગ




ડિસેમ્બર–૨૦૧૮ અંક – ૧૨ વર્ષ ૫૬ સળંગઅંક ૪૫૮

માસિક કિંમત–૧૦ વાર્ષિક લવાજમ–૧૦૦/–રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : pancholinavyug@gmail.com

Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# ઉતારો.....ભવ......પાર

કર મા સંસારનો વિચાર, હવે જીવવાનો શો સાર
આજ મારૂ જીવતર થયું બેકાર..........કર મન

મોંઘવારીએ માઝા મુકી, હવે જીવતરમાં નથી સાર.
ટૂંકા પગારે શી રીતે જીવવું, માથે કરજનો બહુ ભાર
કર મન....

હાલ હવે બેહાલ થયાને, વધી રહ્યો છે વસ્તાર
બે હતા એના બાર થયાને, થઇ પ્રશ્નોની ભરમાર
કર મન....

બાયડી પાસે ન ચાલે મારૂ, જોયે પંદર દિને નવો શણગાર
પાન-બીડીના પૈસા ન ખરચુ, પી લઉં હું ચા ઉધાર
કર મા....

આ મુંઝવણે હું ગયો સુકાતો, એની કાયા થઇ ભેંસાવતાર
સાળા-સાળીઓ ઘરમાં ભરાયા, ને મારા મા-બાપ ઘરની બહાર
કર મા...

ઘરબાર મેં કર્યા એના નામે, હું આજ થઇ ગયો લાચાર
એની સામે જેહાદ જગાવું તો અર્ધી રાતે કાઢે ઘરની બહાર
કર મા .....

પત્ની ને ના શીરે ચડાવશો, પણ સુખ-દુઃખમાં રહેજો સંગાથ
કહ્યાગરા કંથ થયા તો એળે જાશે તમારો અવતાર
કર મા ....

'અધીર' શીખ દઇ વાત કહે છે સદા જીવનમાં રહેજો સજાગ
સુખ-દુઃખમાં એક મેકના પડખે રહેશો તો ઉતરશો ભવપાર
કર મા....

અમૃત સી. પંચોલી-'અધીર'
મુંબઇ




**ચાલો.... ચાલો...... ચાલો.....**

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને**
**ી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દ્વારા આયોજીત**

## ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૮

**તા. ૨૩-૧૨-૨૦૧૮, રવિવાર સવારે ૮.૦૦ કલાકે**
**ગ્રાઉન્ડ સ્થળ : વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસીટી, યુનિર્વસીટીરોડ, ઉધના મગદલ્લારોડ, સુરત**

**આપના પાસ મેળવવાની છેલ્લી તા. ૧૫.૧૨.૨૦૧૮..છે.... સ્થળ પર પાસ આપવામાં આવશે નહીં..**

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## પંચોલી નવયુગ

## ઓક્ટોબર - ૨૦૧૮

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફક્ત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** રૂા. ૧0/-

**વાર્ષિક લવાજમ** રૂા. ૧00/-

# તંત્રીની કલમે...

તહેવારોની હારમાળાઓ પતી બધી રીતે સૌએ તહેવારો માણ્યા... જીવનનો આનંદ લૂટયો... કારણ તહેવારો માનવીને થોડી નવરાશની પળ અને ખુશી આપે છે... એમના યંત્રવત જીવનમાં......

આ વર્ષે દિપોત્સવી અંકની ચિંતા હતી.. કારણ જાહેરાત છેલ્લે સુધી થોડી થોડી આવતી રહી... કદાચ આ વર્ષે પાતળો અંક બહાર પડશે.... પરંતુ છેલ્લે જાદુ થયુ હોય અને બધી જાહેરાતો એકસામટી આવી ગઇ.. અને નવયુગ દર વર્ષે કરતા પણ દળદાર થયો.... આપના સહકારથી ગયા વર્ષનો રેકોર્ડ તોડયો... કહેવાય છે ને કે કોઇ એક દરવાજો બંધ થાય તો ભગવાન બીજા દરવાજા ખોલી આપે છે.... અને આતો સમાજ સેવાનું કાર્ય... છે..... ૫૫ વર્ષથી એકધારુ અને અવિરત ચાલુ રહ્યુ છે... એમાં દરેક જ્ઞાતિજનોના સાથ અને સહકાર મળ્યા છે... પંચોલી નવયુગને...

દિપોત્સવી અંક દ્વારા આપને સૌ જ્ઞાતિજનોની શુભેચ્છાઓ મળે છે ત્યારે આપને એવું થાય છે ખરૂં કે બધાએ નવયુગમાં જાહેરાત આપી પણ હું રહી ગયો ? ભુલી ગયો ? હજુ પણ એક સુંદર તક આવી રહી છે.. ૨૦૧૯નું આગમન.. પંચોલી નવયુગ-૨૦૧૯ના પ્રથમ અંકમાં આપની જાહેરાત આપી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી શકો છો...

દિપોત્સવી અંકમાં જેમણે જાહેરાત આપી છે એમને એક સલામ, જાહેરાત ન આપી તેમને સૌ..સૌ.. સલામ, અને કદી પણ જાહેરાત નથી આપી એમને હજારો સલામ..

ડીસેમ્બરની શરૂઆત હુંફાળી ઠંડીની શરૂઆત થઇ ગઇ છે..મેથીપાક, સાલમપાક, ખજુરપાકની શરૂઆત સાથે પોંક-પોંકવડા સેવ પણ મળી રહી છે.. લીલા શાકભાજી સુંદર ટામેટા, કાકડી, ગાજર પણ ભરપુર મળે છે.. તેને પ્રાધાન્ય આપી તળેલી વસ્તુઓ, ફાસ્ટફુડ, જંક ફુડ થી દૂર રહેવું હિતાવહ છે... અને હાં ! આરોગ્યની જાળવણી માટે વોકીંગ-જોગીંગ અને કસરત કરવાનું ભુલીશું નહીં.... અસ્તુ...

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલયભાઇ ડી. મિસ્ત્રી-સહતંત્રી

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી ૫.સે.સ.મહામંડળ
૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો,

કુશળ હશો..

દિવાળી આવી અને ગઇ અને નવા વર્ષની ભેટ પણ આપતી ગઇ. બસ આમ જ દિવસો આવતા અને જતા જશે અને દિવસો વર્ષોમાં તબદીલ થશે અને એક દિવસ આપણે પણ વિદાય લઇશું પછી ? મારું શું ? તારું શું ? વિશ્વ વિજેતા સિકંદર પણ ગયો ત્યારે બન્ને હાથ ખુલ્લા અને ખાલી કફનની બહાર રાખ્યા હતા, વિશ્વ વિજેતાએ પણ ખાલી હાથે જ જવું પડ્યું તો આપણી શું ઓકાત ? તો પછી તારું મારુંની જગ્યાએ આપણું ના કહી શકીએ ?

" કલાકોએ ભેગા મળી દિવસ બદલી નાંખ્યો
ને દિવસોએ મળી વર્ષ બદલી નાંખ્યું...."

જો આપણે બધા ભેગા મળીએ તો ? શાંતિથી વિચારવા જેવું ખરું....

આ અંક મળશે ત્યાં સુધીમાં મુંબઇનો દિપોત્સવી પોગ્રામ પૂર્ણ થયો હશે અને સુરત એકમ દ્વારા આયોજીત ક્રિકેટ મહોત્સવની તૈયારી પુર જોશમાં ચાલુ હશે, બન્ને એકમોને શુભેચ્છાઓ... મહામંડળની સામાન્ય સભામાં લેવાયેલા નિર્ણય છતા સુરત એકમે અન્ય એકમોની લાગણીનો પોઝેટીવ પડઘો પાડતા નોક-આઉટ રાઉન્ડમાં સુરતની બે ટીમો સામ સામે રમાડવાની જાહેરાત કરી મહામંડળની એકતા જાળવી રાખવા પ્રશંસનીય પગલુ ભર્યુ. અભિનંદન સુરત એકમને, હવે જ્ઞાતિજનોને શક્ય એટલું જલ્દી રજીસ્ટ્રેશન કરાવી લેવા અપીલ છે...

દિવાળી એટલે મહામંડળ દ્વારા પણ આપણા નિરાધાર-વિધવા બહેનોના ઘરમાં એક નાનકડો મદદ રૂપી દિવો પ્રગટાવવાનો પ્રસંગ, પરંતુ હજી આપણા અમુક એકમોના હોદ્દેદારો આ બાબતે જોઇએ એટલા જાગૃત અથવા ગંભીર નથી, આપની પાસે આવતી તમામ અરજી સંપૂર્ણ ભરાયેલ છે કે કેમ ? તમામ વિગતો સાચી ભરેલ છે કે કેમ ? આ ચકાસવાની જવાબદારી જે તે એકમના હોદ્દેદારોની છે, એકમ દ્વારા અપાતી સહાયની વિગતો તો આપને ખબર જ હોય ને ? એ વિગતો પણ ખાલી ? મહામંડળ તમારી સહીને સત્તાવાર માની એના ગ્રાઉન્ડ પર મદદ આપે છે.. તો આટલી અપેક્ષા વધારે તો નથી જ, સાથે સાથે અરજદારોની પણ સંપૂર્ણ જવાબદારી છે કે પૂરી અને સાચી વિગતો દર્શાવે અને અરજી સમયસર મળે તેમ મોકલવા વિનંતી છે. એકમના હોદ્દેદારોને પણ ખરેખર જરૂરીઆતમંદ બહેનો તથા જે બહેનોને વાંચતા લખતા આવડતુ નથી તેઓને જાણ કરવાની ફરજ નહી ચૂકવા વિનંતી. વારંવારની અપીલ છતા અરજી મોકલવામાં ખૂબ જ વિલંબ થાય છે, આને લઇને હોદ્દેદારોને છેલ્લા સમય સુધી દોડા-દોડ કરવી પડે છે, જો આપણે આપણાં ઇન્કમટેક્ષ, તારીખ ચૂક્યા વિના ભરી શકતા હોઇએ, ટ્રેન પકડવા સમયસર પહોંચી શકતા હોઇએ, તો આમા કેમ નહી ? આવતા વર્ષે તો સમયસર અરજી મળવાની અપેક્ષા રાખીએ ને ? એલ.સી. ગ્રુપ તરફથી જે બહેનોના બાળકો ભણતા હોય તેવી વિધવા બહેનોને રૂા. ૧૫૦૦/- (દરેકને) આપવાની જાહેરાત કરી, આભાર દાતાઓનો...

અમોને સાડી વિતરણ કાર્યમાં મહામંડળના આઇ.પી.પી. શ્રી મનિષભાઇ પંચોલી દ્વારા વ્યારા-પંચોલ માટે તથા બિલીમોરાના વિશાલભાઇ પંચોલી કે જેઓ બીલીમોરા, ગણદેવી, અજરાઇની સાડીઓ પહોંચાડવામાં મદદરૂપ થયા, રાજપીપલાના માજી મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇએ સમગ્ર પાલ વિભાગની જવાબદારી ઉઠાવી. આપ સૌ સેવાભાવી મહાનુભાવોનો આભાર...

પોઝેટીવ વિચારીએ તો શું થાય ? સરસ દાખલો પાછલા દિવસોમાં જોવાયો, નવયુગ સમયસર નથી

મળતુ એવી ફરિયાદ કરનાર એક વડિલ ને મે સલાહ આપી કે વેબઈસાઇટમાં તમો ગમે ત્યારે નવયુગ જોઇ શકો છો, જવાબમાં તેઓએ કોમ્પ્યુટર નહી જાણતા હોવાની તથા મોબાઇલમાં પણ વોટસએપ સીવાય વેબસાઇટ નહી ખોલી શકવાની ફરિયાદ કરી, આ બાબતે વધુ વિચાર કરતા તેજ રાત્રે વેબસાઇટ એડમીન શ્રી પ્રતિકભાઇ પંચોલી સાથે ચર્ચા થઇ કે કોઇ રીતે નવયુગ મોબાઇલ પર અવેલેબલ કરાવવુ જોઇએ.. અને શરૂઆત થઇ e-Navyug ગ્રુપની જેઓએ નવયુગ મોબાઇલ પર વાંચવુ છે તેઓએ જાતે પોતાના નંબર લીન્ક દ્વારા e-Navyug ની મેમ્બરશીપ રજીસ્ટ્રેશન કરાવવાની હતી, અને એક જ દિવસમાં આ ગ્રુપ ફુલ થઇ જતા ડીમાન્ડ આવી બીજા ગ્રુપની અને e-Navyug-2ની શરૂઆત થઇ. અને આજે આ ગ્રુપે ૩૭૪ની સંખ્યા સાથે મહામંડળનું સૌથી મોટુ ગ્રુપ છે.. વેબસાઇટ એડમીન પ્રતિકભાઇ પંચોલી અને પોતાના નામ રજીસ્ટર કરાવનાર તમામ જ્ઞાતિજનોને ખૂબ ખૂબ અભિનંદનનન. હજુ પણ આપ htpps://chat. whatsapp. com/KSCHukzLXfdFjKF9wqa82E લીંક દ્વારા e-Navyug2 ગ્રુપમાં મેમ્બર થઇ શકો છો.. આખો દિવાળી અંક આ ગ્રુપમાં મોબાઇલ પર અવેલેબલ છે... અંતમાં કોઇ અજ્ઞાતે કહેલ સુંદર વાકય...

ઋણ બન્નેનું હતુ<br>
એ મકાનપર<br>
પરંતુ ફર્ક એટલો જ હતો કે<br>
છતે તે દેખાડી દીધુ<br>
અને પાયાએ ચૂપચાપ છુપાવી લીધુ.... અસ્તુ




PanchoShaadi.com



## પ્રતિક ભરતભાઈ પંચોલી

નામ : પ્રતિક<br>
પિતા : ભરતભાઈ નટવરલાલ પંચોલી<br>
બેંક ઓફ બરોડા-વડોદરા<br>
માતા : પ્રજ્ઞાબેન<br>
જન્મ તા. : ૨૭.૦૭.૧૯૯૦ સ્થળ : વડોદરા<br>
સમય : સવારે ૧૧.૫૫ ઉંચાઇ : ૫'૧૧''<br>
અભ્યાસ : M.Sc. in Physics (M.S Uni.-Baroda)<br>
Master Degree in Information Technology Melborn Australia<br>
ભાઇ-બહેન : એક બહેન -ઓસ્ટ્રેલીયા<br>
મંગળ/શનિ : મંગળ<br>
સરનામુ : ૫/૬, રત્નદીપ સો.-૨, નાલંદા-૨ ની સામે, વાઘોડિયારોડ-વડોદરા<br>
મો. : 94081 53449 / 99137 11473

**ચિ. પ્રતિક**<br>
**તા. ૧૧.૧.૨૦૧૯ થી તા. ૭.૨.૨૦૧૯**<br>
**ચાર વીક માટે ભારત આવે છે..**<br>
**રસ ધરાવનારે સંપર્ક કરવા વિનંતી..**

Wish you very

# Happy Wedding 25th Anniversary to Tejal & Deepak Gandhi



*Journey together from 6-12-1993*
*Wishing you happy & peaceful life ahead.*

**With Best Wishes from :-----**

*Dr. Dhrumil D. Gandhi*

*Late Padmaben C. Lakdawala* *Manjuben C. Lakdawala*
*8, Royal Garden Row House, Honypark Road, Adajan, Surat Ph. :0261 - 2777099*

*Shri Anupbhai H. Mistry* *Smt. Bhartiben A. Mistry*
*Shri Dipesh A. Mistry* *Dr. Mansi D. Mistry*
*Radhya Dipesh Mistry*

*142, Shankernagar society, Palanpur patiya, Rander Road, Surat. Mo. 99780 98604*

*Late Sanmukhlal V. gandhi* *Sushilaben S. Gandhi*
*Shri Vijaybhai S. Gandhi* *Smt. Sarojben V. Gandhi*
*Late Kiritbhai s. gandhi* *Shri Harsh V. Gandhi*

*Nr. Jalaram Khaman House, Kanpura, Vyara. Dist. Tapi. Mo. 75679 48080*

*Smt. Mayuriben Nileshkumar Mistry-Bhilad* *Smt. Alpaben Dixitkumar Pancholi-Baroda*
*Smt. Binitaben Purveshkumar Pancholi-Vyara* *Smt. Reemaben Daxeshkumar Patel-Surat*

**કુલદિપ**

**મસાલા સાથેના તૈયાર લોટ** **(Instant Mix)**

**કુલિન (કુલદિપ) એસ. પંચોલી**
**મો. ૯૮૭૯૦ ૫૬૫૦૧**
**૯૦૩૩૨ ૦૧૯૦૧**




## ભાનુ ગૃહ ઉદ્યોગ

૫૪, રામનગર, રામજીમંદિર પાછળ, વ્યારા. જિ. તાપી

**અમારી અવનવી વેરાયટીઓ..**




**સુરતી લોચા નો લોટ**
**અમીરી ખમણી નો લોટ**
**બોળેલી દાળના ખમણ નો લોટ**
**દાલવડા નો લોટ**
**દહિંવડા નો લોટ**
**મસાલા ભજીયા નો લોટ**
**ડાકોરના ગોટા નો લોટ**
**કાઠીયાવાડી ગોટા નો લોટ**
**હાંડવો(ડંગેલુ) નો લોટ**
**ઢોકળા નો લોટ**




**ખીચયુ નો લોટ**
**ઈડલી-ઈદળા નો લોટ**
**પૂડલા નો લોટ**
**દૂધી મુઠિયા નો લોટ**
**ઢોસા નો લોટ**
**ખાટાવડા(દેસાઈવડા)નો લોટ**
**તૈયાર કઢી મસાલો**

વડોદરા, સુરત, નવસારી, બીલીમોરા આણંદ, વલસાડ, ચીખલી, વ્યારા, સોનગઢ, ઉમરગામ, સેલવાસમાં ઉપલબ્ધ

**તમારી જરૂરીઆત અથવા એજન્સી માટે સંપર્ક કરો...**




**ઉર્મિલાબેન કેશવલાલ મિસ્ત્રી**
**લેસ્ટર-યુ.કે.**

## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા

ને શૈક્ષણિક સહાયક ફંડ માટે
રૂા. ૨૫,૦૦૦/-નું માતબર દાન
લેસ્ટર યુ.કે. નિવાસી
ઉર્મિલાબેન કેશવભાઈ મિસ્ત્રી
તરફથી મળ્યું..

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાના
ટ્રસ્ટી મંડળ
તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે..

# સુખી જીવન એટલે...

નટુભાઈ પંચોલી-વડોદરા

સાચું સુખ એટલે મનમાં કોઈ ઈચ્છા નહિં, અંદરથી સમૃધ્ધ થવું, અંતઃકરણની શુધ્ધિ જ જીવનને સુખી બનાવી શકે. સ્વસ્થ અને શિસ્તબધ્ધ શરીર દ્વારા સદાચાર અને સત્કર્મ થકી આત્માને નિર્વાણ તરફ લઈ જઈ શકાય છે. સુખ એ ભૌતિક નહિં પણ અધ્યાત્મક પરિસ્થિતિ છે. સુખ મન ઉપર આધારિત છે. મન નક્કી કરે તો ગરીબાઈમાં પણ સુખ પ્રાપ્ત થાય. જીવનમાં અનેક વળાંકો આવે છે પરંતુ પ્રત્યેક વળાંકથી કયા રસ્તે આગળ વધવું તે નક્કી કરવાનું કઠિન છે, પરંતુ અશકય તો નથી જ. જે રસ્તે આગળ વધાય તે રસ્તો જ સુખનો જ હોય છે.

જીવનમાં સુખ કયારેય સામેથી આવીને મળતું નથી. તે મેળવવું પડે છે. સુખ એ કોઈ ચોકકસ સંજોગો કે પરિસ્થિતિ નથી, પરંતુ જીવન તરફનો દ્રષ્ટિકોણ છે. જેવી દ્દષ્ટિ તેવી સૃષ્ટિ, જો જીવનમાં સદાય અમીદ્દષ્ટિ રાખીએ તો સુખ પ્રાપ્ત થાય. અન્યોને સહાયરૂપ થવાથી, સંતોષી બનવાથી અને સંજોગોને સ્વીકારી લેવાથી જ સુખાનુભૂતિ પ્રાપ્ત થાય છે.

સુખ એટલે સંવાદિતા, સાર્થકતા, સંતોષ અને શાંતિ !! જીવનમાં જો આટલી ચીજો હશે તો સુખ શોધવું નહિ પડે. જીવનમાં સંબંધોમાં સંવાદિતા હોવી એ બહુ મોટી ઉપલબ્ધિ ગણાશે, કેમકે સંવાદિતાથી જ જીવનમાં સાર્થકતા અનુભવાશે અને સાર્થકતામાંથી જ સંતોષ પ્રાપ્ત થશે. છેવટે આ સંતોષ જ જીવનમાં શાંતિ લાવે છે અને જયાં શાંતિ હોય ત્યાં સુખ હોય જ..

જીવનમાં નાની નાની વાતોમાં અથવા ક્ષુલ્લક ચીજો માટે ગુસ્સો કરવો કે નારાજ થઈ જવું તે દુઃખને આમંત્રણ આપવા જેવું છે. આ સમયે મોટું મન રાખીને સામેની વ્યકિતને ક્ષમા આપવા જેવું ઔદાર્ય બતાવી શકીએ તો અન્યના સુખની સાથે આપણા સુખની માત્રામાં પણ વધારો થાય છે. સુખ એ પુરુષાર્થનું પરિણામ છે. સુખને કયાંય બહાર શોધવાની જરૂર નથી, આપણી આસપાસ જ છે..

આપણે આપણી પાસેના સુખને માણવાને બદલે તેને શોધવા માટે ભટકીએ છીએ. દરેક વ્યકિતને બીજાની થાળીમાં પડેલો સુખનો લાડુ મોટો દેખાય છે. સરખામણી કરવાથી દુઃખ ઉપજે છે. નવરાશ આપણા સુખનો ભોગ લે છે. જો સુખ જોયતુ હોય તો નવરાશથી દુર રહી સતત કામ કરતા રહો..

જીવનમાં સરળતા, શુધ્ધ જીવન, પરસ્પર પ્રેમસંબંધ, કુટુંબમાં સુમેળતા જેવા સૂત્રો અપનાવીએ. જો સમય સાથે આપના જીવનમાં સદ્દ્વિચાર, સદ્દ્વર્તન અને યોગ્ય પરિવર્તનનો જેટલી સહજતાથી સ્વીકાર કરીએ તેટલે અંશે તકલીફમાં ઘટાડો થાય છે. બાંધછોડ કરવાથી સમસ્યાઓ હલ થઈ શકે છે. મોટુ મન રાખીને થોડું જતુ કરવાની વૃત્તિ કેળવી પરિવારમાં સંપ, સહકાર અને શાંતિનું સુખ અનુભવીએ. પરિવારમાં નિખાલસપણે વિચારોની આપ લે થકી સુખ વધારીએ. કુટુંબના દરેક સભ્યોના કલ્યાણ માટે નિઃસ્વાર્થભાવે વર્તીએ. સ્વને છોડીને સર્વનો વિચાર કરીએ..

આપણું જીવન પરસ્પરના સંબંધોથી વણાયેલું છે. માનવમાત્રને કોઈપણ સમયે, કોઈ પણ બાબતે, કોઈપણ સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે. એ બધી સમસ્યાઓ, પ્રશ્નો આપણે પોતે-જાતે જ હલ કરવાને સમર્થ નથી હોતો તે વખતે અન્યની સહાયની આપણને જયારે જરૂર પડતી હોય છે. પરંતુ આ સહાય કે સહારો ત્યારે જ મળે, જયારે આપણે પોતે ઘસાતા હોઈએ. ઘસાઈને ઉજળા થઈએ તો સ્નેહભરી સેવા કરુણા એ સુખી સંસારની જડીબુટ્ટી છે.

પ્રેમને તાંતણે બંધાયેલો અને જતું કરવાની ઉત્સુકતાને કારણે સંધાયેલો પરિવાર જયાં વસે ત્યાં પૃથ્વી પર સ્વર્ગ પ્રગટ થતું દીસે છે. જયાં કુસંપ હોય અને પડાવી લેવાની પેરવી હોય ત્યાં નરકની બદબો પજવતી રહે છે. જે માણસ સમજી વિચારીને કશુંક જતુ કરે છે. તે માનવતાને એકાદ વેંત ઉપર લઈ જાય છે. આપત્તિને સમયે દુઃખ લગભગ સરખે ભાગે વહેંચાઈ જાય ત્યારે માણસ ટકી જાય છે. સુખ વહેંચીને બમણું કરીએ.

જ્યારે દુઃખ વહેંચીને અડધુ કરવાની ભાવના કેળવીએ.

સુખ એટલે સંતોષની ઉચ્ચતમ અનુભૂતિ. જે કાર્ય કરવાથી આપણું મન આનંદ અનુભવે, આપણાં કર્મથી અન્યોના ચહેરા પર ખુશી લાવી શકીએ, સંતોષની લાગણી આપી શકીએ એ જ સાચી ખુશી. જરૂરતમંદોને યથાશકિત મદદ કરીએ. વડિલોની સેવા કરીએ. તેમનું સન્માન કરીએ. આપણી સારી આદતો થકી બીજાને ખુશ કરીએ તોજ આપણને સંતોષ, શાંતિ અને સુખ પ્રાપ્ત થાય.

સમગ્ર સૃષ્ટિમાં પવિત્ર ભાવનાઓનો પ્રવાહ મોકલવા માટે સીધા ટટ્ટાર બેસી મનમાં બોલીએ. સૌ સુખી થાઓ, સૌ નિરોગી રહો, સૌ શાંતિ પામો, સૌનું કલ્યાણ થાઓ. પોતાની તંદુરસ્તી માટે સહેલામાં સહેલો ઉપાય, બીજા નિરોગી રહે તેવી ભાવના સેવીએ. પોતાની જાતને સુખી કરવાનો સહેલો રસ્તો બીજાઓ સુખી થાય તે જ વિચારીએ....

# રડવું જરૂરી છે...

પલ્લવી જીતેન્દ્ર મિસ્ત્રી
અમદાવાદ

એક કવિએ એક મજાની પંક્તિ લખી છે...
'ખોબો ભરીને અમે એટલું હસ્યા, કે કૂવો ભરીને અમે રોઇ પડ્યા.'
કવિએ અહીં તેઓ કેટલું હસ્યા કે કેટલું રડ્યા, તે આંસુઓનું માપ લીટર કે ગેલનમાં નહીં, પણ 'ખોબો' અને 'કૂવો' જેવા મજાના અને અસરકારક શબ્દ પ્રયોગ કરીને (સરસ ઉદાહરણ આપીને) આપણને સમજાવ્યું છે. નવાસવા લેખકોએ આના પરથી સમજવાનું કે 'અસરકારક લેખ લખવા માટે અસરકારક શબ્દપ્રયોગ કરતાં શીખી લેવું જોઇએ.' કવિ અહીં શા કારણે હસ્યા કે શા કારણે રડ્યા, તે આપણને નથી જણાવ્યું. પણ કોઇ કહેનારે કહ્યું છે ને કે, 'આપ કો આમ ખાને સે મતલબ હૈ કી ગુટલી ગિનને સે ?' ગુજરાતીમાં કહીએ તો - 'તમારે રોટલાથી કામ છે કે ટપટપ થી ?'
એટલે કારણ જાણવાની પળોજણમા પડ્યા વગર, આપણે ઉપરની પંક્તિ વિષે વિચારીએ તો કવિનું હસવા કરતા રડવાનું પ્રમાણ અનેકગણું વધારે છે, એ જ બતાવે છે કે 'હસવા કરતા રડવાનું મહત્વ અનેકગણું વધારે છે.' જરૂરિયાતથી વધારે રડ રડ કરતી વ્યક્તિ માટે કહેવાય છે ને કે – 'એની તો વાત જ ન કરશો, કંઇ પણ કહીએ તો રડી પડે છે, જાણે કે કપાળે કૂવો જ ભર્યો છે.' કવિએ આ વાત સાંભળી હશે એટલે જ એમણે એમની પંક્તિમાં 'કૂવો ભરીને અમે રોઈ પડ્યા' એમ કહ્યું લાગે છે. વળી ધ્યાનથી પંક્તિ વાંચતા - ('ખોબો ભરીને અમે એટલું હસ્યા, કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા.') એમાંના 'કે' શબ્દના ઉપયોગથી, આપણને ખ્યાલ આવે છે કે કવિ 'થોડું' એટલે કે ખોબો ભરીને હસ્યા એના કારણે જ કવિ 'ઘણું' એટલે કે કૂવો ભરીને રડ્યા. એ જે પણ કંઇ હોય તે, અહીં મને રડવાનું મહત્વ ઘણું વધારે લાગી રહ્યું છે.
મિત્રો, તમે કહેશો કે, 'આ શું , એક હાસ્યલેખિકા થઇને તમે હસવાને બદલે રડવાની વાત કરો છો ? તો સાંભળો, એટલે કે વાંચો. હું પણ એમ જ માનતી હતી કે, હાસ્યલેખકોએ તો - 'રોના કભી નહિ રોના, ચાહે તૂટ જાયે કોઈ ખીલોના.' એ વાત આત્મસાત કરી લેવી જોઇએ, અને રડવાનું ત્યાગીને સદાય હસતા રહેવું જોઇએ. પણ એકવાર એવું થયું કે - મેં પ્રસિદ્ધ હાસ્યલેખક શ્રી શાહબુદ્દિન રાઠોડ પાસે એમના ઓટોગ્રાફ માંગ્યા, ત્યારે ઓટોગ્રાફ આપતા એમણે લખ્યું, 'Do you want to be humorist ? where are your tears ?' મતલબ કે - 'તારે હાસ્યલેખિકા બનવું છે ? તો તારા આંસુઓ ક્યાં છે ?' બસ, આ વાંચ્યું ત્યારથી જીવનમાં અને સર્જનમાં રુદનનું કેટલું મહત્વ છે તે મને

સમજાયું.
એક ગીતકારે સાવ સાચું જ લખ્યું છે, 'રોતે રોતે હંસના શીખો, હંસતે હંસતે રોના..."
પત્ની : હવે તમે મને પહેલાના જેવો પ્રેમ નથી કરતા.
પતિ : એવું તને કેમ લાગે છે ?
પત્ની : પહેલા તો તમે મને રડતી જોઇને તરત કારણ પૂછતાં, પણ હવે એવું નથી.
પત્ની : ડાર્લિંગ, એ સાચું છે કે હવે તને હું રડવાનું કારણ નથી પૂછતો, એટલા માટે કે એ કારણ દૂર કરવાનું મને હવે પોસાતું નથી, બાકી પ્રેમ તો હું તને પહેલાના જેવો જ કરું છું, તારા સમ.
પત્નીઓને અહીં એક રીક્વેસ્ટ છે, કે તમે થોડું ઘણું રડજો ખરા પણ - 'મેં જિંદગીમે હરદમ રોતા (રોતી) હી રહા(રહી) હું' વાળી ફોર્મ્યુલા અપનાવીને પતિને કફોડી સ્થિતિમાં મૂકશો નહીં. કેમ કે લગ્ન પહેલા - 'તુ ના મિલી તો હમ જોગી બન જાયેંગે..' એવું ગાતો પતિ, લગ્ન પછી તમારી વિવિધ માંગણી માટેના 'રુદાલી' જેવા રૂપથી કે વર્તનથી 'ભાવનગર ભાગી જઇશ અને રખડીશ હું રાજકોટ, પણ તારી સાથે નહિ રહું, તું તો મંગાવીશ મુજને લોટ રે..' એવું કહેતો થઇ જાય, તે આપણી મહિલા જાતિ માટે સારી વાત ન ગણાય.
જો કે આ રડવાનો આઈડીયા એટલો તો મજાનો છે કે, ગુજરાત રાજ્યના, સુરત શહેરમાં ભારતની પ્રથમ 'ક્રાઇંગ ક્લબ' ખુલી, જ્યાં લોકો રડીને હળવા થવા આવે છે. 'જન્મ પછી નવજાત બાળક રડે તો એ તંદુરસ્તીની નિશાની ગણાય છે' એવું ડોકટર કહે છે, આ વિચાર પરથી આ ક્લબનો જન્મ થયો છે. લાફટર થેરાપીસ્ટ શ્રી કમલેશ ભાઈ મસાલાવાલા આ 'Healthy Crying Club' નામની કલબના સંસ્થાપક છે. જાણીતા સાઇકોલોજીસ્ટ ડોકટર મુકુલ ચોકસી પણ આ ક્લબના કી પર્સન છે.
આપણે ઘણીવાર રડવા માંગતા હોઇએ છીએ, પણ રડી નથી શકતા, એમાં પણ પુરુષો તો ખાસ. એટલે આ ક્લબમા તમે તમારી લાગણી છુપાવ્યા વગર ખુલ્લા દિલે રડી શકો છો, કેમ કે અહીં તમને, - 'છોકરો થઇને રડે છે ?' એવું પૂછનાર કોઇ નથી. દર મહિનાના છેલ્લા રવિવારે સવારે ૮ થી ૧૦ વાગ્યે ગૃહિણી થી માંડીને વકીલો, એન્જીનીયરો બધા આ ક્લબમાં રડવા માટે ભેગા થાય છે. ૨૫ મી જુન, ૨૦૧૭ ના રોજ પહેલું સેશન થઇ ગયું.
આ જોઇને ૧૭ વર્ષના યશ કુકરેજાએ રડવાનું શા માટે મહત્વનું અને ફાયદાકારક છે તે જણાવતા લખ્યું, 'રડવાથી આપણા શરીરના નુકસાનકારક ટોકસીન નીકળી જાય છે જેથી શરીર ચોક્ખું થાય છે, આપણું વિઝન સુધરે છે, લાંબુ રડવાથી બેક્ટેરિયા મરી જાય છે, આપણો મૂડ સુધરે છે અને મગજમાંથી સ્ટ્રેસ ઓછો થાય છે. માટે જ 'હસે તેનું ઘર વસે' એ વાત ભૂલી જઇને, તમે 'હિબકે હિબકે રડો' 'મન ભરીને રડો' (નેપકીન – ટુવાલ લઇ જવા.) જૂની કડવી તીખી યાદો યાદ કરીને રડો, રડીને હૃદય નો ભાર હળવો કરો.
'ગોસીપ અને રડવું લેડીઝને મસ્ત અને સ્વસ્થ રાખે છે' આ વાત હું નથી કહેતી પણ લેખક શ્રી કૃષ્ણકાન્ત ઉનડકટ દિવ્યભાસ્કર ના એમની 'દૂરબીન' કોલમના એક લેખમાં જણાવે છે, હું એમની આ વાત સાથે સંમત છું. કોઇ લેડી આ વાંચીને રડવા ન માંડે કે કોઇ સહેલી સાથે આ બાબતે ગોસીપ કરવા ન માંડે, એટલે કે.કે.ભાઇએ અહીં સ્પષ્ટતા કરી છે કે, 'રડવું એ નબળાઇ નથી અને ગોસીપ એ કોઇ પાપ નથી. આ બે વસ્તુ તો મહિલાઓના પ્લસ પોઇન્ટ છે જે એમને વધુ જીવાડે અને હળવા રાખે છે, સો પ્લીઝ ટેઇક ઈટ પોઝીટીવલી.'
મહિલાઓ ગોસીપ શા માટે વધારે કરે છે, એ બાબતે એમણે આ લેખમાં વિગતવાર જણાવ્યું છે. પણ આ લેખ 'રડવા' વિષે છે, એટલે એક મહિલા હોવા છતાં 'ગોસીપ' ની લાલચ જવા દઇને મૂળ વિષય રડવા વિષે એમણે જે જણાવ્યું છે, તે હું તમને અહીં જણાવું છું. પુરુષ વર્ષમાં માત્ર સાત વખત રડે છે, અને સ્ત્રી એનાથી વધારે અધધધ.. એટલે કે ૪૭ વખત રડે છે. પુરુષોને રડવામાં

એમની 'મર્દાનગી' નડે છે, અને એટલે (સ્ટ્રેસ રીલીઝ ન થવાથી) તેઓ સ્ત્રીઓની સરખામણીમાં વહેલા મરે છે, એટલું જ નહીં પણ એને માટે સ્ત્રીને જવાબદાર ઠેરવે છે, જે મને યોગ્ય એટલા માટે નથી લાગતું કે 'અભ્યાસનું તારણ એ કહે છે કે પરણેલા પુરુષો કરતાં કુંવારા(વાંઢા) પુરુષો જલ્દી મરે છે.'

આ પછી કે.કે.ભાઈએ લોકો ક્યારે રડે, કેટલું રડે, કઈ જગ્યાએ જઈને રડે, વગેરે વાતોનું એમના લેખમાં રસમય વર્ણન કર્યું છે, અને અંતે લખ્યું છે કે 'રડી પડવું કે રડી લેવું એ કંઈ ખાવાના ખેલ નથી' માટે હે વાચક મિત્રો, તમે જાહેરમાં 'ઠુંઠવો મૂકીને' કે 'પોક મૂકીને' જોરદાર અવાજમાં ન રડી શકો તો કંઈ નહીં, ચુપચાપ, એકલા એકલા, છાનેછપને પણ રડી લેજો, પણ રડજો જરૂર કેમ કે તંદુરસ્ત જીવન માટે રડવું જરૂરી છે.

## ક્ષતિદોષ



મૃદુતા મિસ્ત્રી પંચોલી-૯૯૨૪૨ ૧૧૭૨૨
ડો.શ્વેતા મિસ્ત્રી પંચોલી-૯૭૧૪૭ ૪૪૦૨૨
ટાયટલ પેજ નં. ૨ પર વાંચવુ

- પેજ નં. ૨૩૪ પર બીલીમોરા નિવાસી શ્રી ભરતભાઈ રતિલાલ પંચોલીની એડમા **પંચોલી મેટ્રેસીસ** વાંચવું
- પેજ નં. ૧૩૬ પર અંકલેશ્વર નિવાસી શ્રી સંજયકુમાર અરૂણભાઈ પંચોલીની એડમા પ્રદિપકુમાર અરૂણભાઈ પંચોલીનું નામ રહી ગયુ હતુ તે વાંચવું
- ૧૦૦/- ગણદેવી નિવાસી નીલ નિલેશભાઈ પંચોલી-દિપોત્સવી શુભેચ્છા ભેટ
- ૧૦૧/- ગણદેવી નિવાસી પ્રકાશકુમાર ગણપતભાઈ પંચોલી ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે

શક્ય હોય એટલી બધી જ કાળજી લેવા છતાં રહી ગયેલ ક્ષતિ બદલ ક્ષમા યાચના....
ક્ષતિ બદલ થયેલ મન દુ:ખ બદલ ક્ષમા યાચના.......


**HAPPY NEW YEAR**




**Jatin Pancholi**
+91 96384 44774
79906 88809

**Mihir Pancholi**
+91 99095 08774
+91 70169 70480

- Air Ticket
- Railway Ticket
- Bus Ticket
- Tourist Visa
- Domestic Tour Package
- International Tour Package
- Honeymoon Package
- Group Tour

**WE ARE ORGANIZED SCHOOL & GROUP PICNIC**
**Innova, Tavera, Tempo Traveler, 19, 27,40,56 Sheet Bus & Sleeper Coach, A/C. & Non A/C. Available Hear.**

**Shop** No.1, Vyas Bhuvan, Giya Sheri
Opp. Liberty Hair Cutting Sallon,
Mahidharpura, Surat
Email : mjtravels89@gmail.com

**Nayna J. Pancholi**
+91 99258 47778
81609 57342

**Bhavik J. Pancholi**
+91 96381 10150
+91 83208 52017

**Resi :** 302, Shiddhivinayak Appartment,
Masidiya Seri, Haripura, Surat


**નવયુગ શુભચિંતક** શ્રીમતિ જ્યોત્સનાબેન અમૃતલાલ મિસ્ત્રી મુંબઈ સ્વ. મહેન્દ્રભાઈ ગાંડાભાઈ પંચોલી મુંબઈ

# સંસ્થા સમાચાર

### પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

### સામાન્ય સભા અહેવાલ

પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરાની સામાન્ય સભા 'વડિલ વિસામો' નાલંદા પાણીની ટાંકી સામે વાઘોડિયા રોડ વડોદરામાં તા. ૧૪.૧૦.૨૦૧૮ રવિવારના રોજ સંપન્ન થઇ.



શ્રીમતિ શીલાબેન, શ્રીમતિ આનંદીબેન અને શ્રી ચંદ્રકાંતભાઈની પ્રાર્થના સાથે સામાન્ય સભાનો મંગલ પ્રારંભ થયો. ટ્રસ્ટના ૧૨ દિવંગત સભ્યોને બે મિનિટ મૌન સાથે શ્રધ્ધાંજલી આપવામાં આવી. દિવંગત સભ્યોના પરિવારમાંથી એક સભ્યને ટ્રસ્ટનું સભ્યપદ આપવામાં આવે છે..

ટ્રસ્ટના પ્રમુખ શ્રી રમેશભાઇ પંચોલીએ પોતાના સમાજ સાથેના લાંબા સમયગાળાને યાદ કરી સમાજ અને ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં સમાજના તથા અન્ય એકમોમાંથી મળેલ સહકાર માટે આભારની લાગણી વ્યકત કરી. સૌને આવકારતા ભવિષ્યમાં પણ સમાજની ઉત્તરોત્તર પ્રગતિ થતી જ રહેશે એવી ભાવના વ્યકત કરી.

ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી સંજીવભાઇ પંચોલીએ સમાજ ભવન માટે જમીન, સોદો, બાનાખત, દસ્તાવેજ, વર્તમાન સરકારની નવી ટીપીને કારણે થતા વિલંબ વિગેરેની ખૂબ જ માહિતીપ્રદ બાબતો અસરકારક શબ્દોમાં જણાવી. રૂપિયા ૧૩ લાખનું રોકાણ આજે રૂા. બે કરોડમાં રૂપાંતર થયુ છે એ રસપ્રદ રીતે જણાવ્યું. પાર્ટીપ્લોટ તેમજ અન્ય પ્રશ્નો અંગેના આર્થિક પાસાઓની માહિતી આપી. જેથી સામાન્ય સભાએ સંતોષ વ્યકત કર્યો. અને સમાજભવનના પ્રોજેકટને આગળ ધપાવવા સંમતિ આપી..

ભૂમિ સંપાદન વેળા અથવા ટ્રસ્ટની નોંધણી પછી જેમણે દાન આપ્યા છે પરંતુ સભ્ય થયા નથી તેમની પાસેથી ફકત રૂા. ૫૦૦/- લઇ સભ્યપદ આપવું. જેઓ હવે સભ્ય બનવા માગે છે પરંતુ કોઈપણ દાન આપ્યું નથી તેઓ પાસેથી સભ્ય ફી રૂા. ૫૦૦/- ઉપરાંત સમાજભવન ફંડમાં રૂા. ૨૧,૦૦૦/- કે તેથી વધુ રકમ લઇ સભ્યપદ આપવું. સામાન્ય સભાએ આ ઠરાવ મંજૂર કર્યો.

ગત વર્ષના વિગતવાર હિસાબો મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇએ રજૂ કર્યા જેને સામાન્ય સભાએ બહાલી આપી.

ટ્રસ્ટના નિવૃત્ત થતા ટ્રસ્ટીઓ/ પ્રમુખ -મંત્રીઓના સુદીર્ઘ અનુભવોનો સમાજને લાભ મળે એ માટે સલાહકાર સમિતિની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું.

ટ્રસ્ટના મંત્રીશ્રી ચંદ્રકાંતભાઇ પંચોલીએ ટ્રસ્ટી તરીકે પોતાનું રાજીનામું આપ્યું. ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઇએ ચંદ્રકાંતભાઇની સુદીર્ઘ નિષ્ઠાપૂર્વકની સેવાઓની સરાહના કરી અને તેમને 'સંનિષ્ઠ કાર્યકર' તરીકે સન્માનિત કરવા જણાવ્યું. સામાન્ય સભાની સહમતિ સાથે સહમંત્રીશ્રી મધુસુદનભાઇએ સમાજના વિવિધ કાર્યોમાં મળેલ સહયોગ તથા તમામ રેકોર્ડસ અને વ્યવહારો સુઘડ રાખવા માટેની ચીવટના વખાણ કર્યા. તેમણે સન્માનપત્રનું વાંચન કર્યું. પ્રમુખશ્રી

રમેશભાઇ, ઉપપ્રમુખશ્રી સંજીવભાઇ, શ્રી દેવાંગભાઇ, શ્રી અશ્વિનભાઇ, શ્રી પદ્માકાંતભાઇ, શ્રી મધુભાઇ વિગેરેની ઉપસ્થિતિમાં સમગ્ર સભાએ ઉભા થઇ તાળીઓના ગડગડાટ વચ્ચે બૂકે, સન્માનપત્ર અને સાલ ઓઢાડી શ્રી ચંદ્રકાંતભાઇનું સન્માન કર્યુ.

સન્માનનો પ્રતિભાવ આપતા શ્રી ચંદ્રકાંતભાઇએ સમાજની સ્થાપક ત્રિપુટી તથા પૂર્વ પ્રમુખો-કારોબારી સભ્યોને યાદકરી સમાજ સેવામાં તેમના પ્રોત્સાહન અને માર્ગદર્શન માટે આભાર વ્યકત કર્યો. પરિવારના સાથને લીધે જ આ સુદીર્ઘ સમાજયાત્રા શકય બની હોવાનું જણાવ્યું. સમાજની ખૂબ પ્રગતિ થાય અને સમાજભવનનું નિર્માણ વહેલી તકે થાય એ માટે પ્રભુ પ્રાર્થના કરી આભાર વ્યકત કર્યો.

ટ્રસ્ટના બંધારણ પ્રમાણે પાંચ વર્ષની મુદત પુરી થતાં પ્રમુખશ્રી રમેશભાઇએ નવી કારોબારીની રચના કરવા પ્રસ્તાવ મુકયો. નવિન કારોબારીની રચના શ્રી મધુભાઇ શ્રી રમેશભાઇ અને શ્રી પદ્માકાંતભાઇની ઉપસ્થિતિમાં કરવામાં આવી. શ્રી સંજીવભાઇએ કારોબારી સભાએ સુચવેલ નામોની યાદી રજૂ કરી જે સમગ્ર સભાએ સહર્ષ તાલીઓથી વધાવી. નીચે મુજબ નવીન કારોબારીની રચના કરવામાં આવી.

પ્રમુખ : શ્રી અશ્વિનભાઇ એસ. પંચોલી
ઉપપ્રમુખ : શ્રી સંજીવભાઇ જી. પંચોલી
મંત્રી : શ્રી હરીશભાઇ એમ. પંચોલી
સહમંત્રી : શ્રી ધર્મેશભાઇ સી. પંચોલી
ખજાનચી : શ્રી રમેશકુમાર આર. પંચોલી
કારોબારી સભ્યો : શ્રી પદ્માકાંતભાઇ એમ. પંચોલી
શ્રી હેમંતભાઇ એસ. પંચોલી
શ્રી વિકાસભાઇ જી. મપારા
શ્રી ગૌરાંગભાઇ વી. પંચોલી
શ્રી નારણભાઇ ઓ. પંચોલી

નવિન પ્રમુખશ્રી અને કારોબારી સભ્યોનું બૂકે આપી અભિવાદન કરવામાં આવ્યું. નવિન કારોબારીએ પૂર્વ કારોબારીના સભ્યોની ઉમદા કામગીરીની સરાહના કરી અને બૂકે આપી અભારની લાગણી વ્યકત કરી.

શ્રી મધુભાઇ, શ્રી પદ્માકાંતભાઇ અને શ્રી દેવાંગભાઇએ સમગ્ર પ્રતિભાવ આપતા પૂર્વ પ્રમુખશ્રી રમેશભાઇ અને તેમની કારોબારી દ્વારા થયેલ પાયાની કામગીરીની પ્રશંસા કરી. નવિન કારોબારી ભવનનું નિર્માણનું કાર્ય સારી રીતે આગળ ધપાવશે એવી આશા વ્યકત કરી.

પ્રમુખશ્રી અશ્વિનભાઇએ તેમના લઘુ વ્યકતવ્યમાં પોતાને નવી જવાબદારી સોંપવા માટે સમાજનો આભાર વ્યકત કર્યો. સમાજભવનનું કાર્ય સૌના સાથ સહકારથી અવશ્ય સફળ થશે એવી ભાવના વ્યકત કરી

સહમંત્રી શ્રી ધર્મેશભાઇએ આભારદર્શનમાં જણાવ્યું કે વડિલોના અથાક પ્રયત્નોથી સમાજની પ્રગતિ થઇ છે અને સૌના સહકારથી સમાજ ઉન્નતિના ઉંચા શિખરો સર કરશે જ એવી આશા વ્યકત કરી.. રૂચિર ભોજનો રસાસ્વાદ લઇ સૌએ આનંદ વ્યકત કર્યો અને સામાન્ય સભાનું સમાપન કરવામાં આવ્યું.

### શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ

## દિપોત્સવી રસોત્સવ-૨૦૧૮

શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઇ, શ્રી પંચોલી ભગીની સમાજ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ મુંબઇના સથવારે 'દિપોત્સવી રસોત્સવ-૨૦૧૮'નું આયોજન રવિવાર અને ૧૮ નવેમ્બર-૨૦૧૮ના રોજ સાંજે ૪.૩૦ કલાકે મહારાજા બેંકવેટ એસી હોલ મીરારોડ મુકામે યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમ સાંજે ૪.૩૦ કલાકે ૨૭૫ હાજર રહેલ સભ્યો તેમજ અધ્યક્ષશ્રી મિતેષભાઇ શાંતિલાલ પંચોલી અને અધ્યક્ષા શ્રીમતિ જ્યોતિબેન મિતેષભાઇ પંચોલી તેમજ પ્રમુખશ્રી રાહુલભાઇ જિતેન્દ્રભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખશ્રી વિશાલભાઇ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી વગેરે ઉપસ્થિત સભ્યોની હાજરી થકી શરૂઆત

કરવામાં આવી હતી.

આજરોજના કાર્યક્રમની શરૂઆત પ્રવકતા તરીકે શ્રી વિશાલ કાપડિયા, પરાગ મિસ્ત્રી થકી કરવામાં આવી હતી. સૌ પ્રથમ શ્રી વિશાલ કાપડિયા અને શ્રી પરાગ મિસ્ત્રી દ્વારા ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો દર્શકો અધ્યક્ષ, અધ્યક્ષા, પ્રમુખ, ઉપપ્રમુખ દરેકનું સ્વાગત કરી દિવાળી અને નૂતન વર્ષના અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈનો દિપોત્સવી રસોત્સવ-૨૦૧૮ના કાર્યક્રમની શુભ શરૂઆત શ્રી ગણેશજીની અર્ચના અને શ્લોકથી કરવામાં આવી હતી.

પ્રથમ કાર્ય તરીક દીપપ્રાગટયનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં આજરોજના અધ્યક્ષ શ્રીમાન મિતેષભાઇ પંચોલી, અધ્યક્ષા શ્રીમતિ જયોતિ પંચોલી, પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રી, ઉપપ્રમુખશ્રી વિશાલભાઇ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રી ખજાનચીશ્રી કુંતલ પંચોલી અને મંત્રીશ્રી પરાગ મિસ્ત્રી જેવા મહાનુભાવો મંચ ઉપર ઉપસ્થિત રહી દીપપ્રાગટય કરી કાર્યક્રમ નો શુભારંભ કર્યો હતો. શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ અન્ય તમામ સંગઠનના કાર્યકર્તાઓ થકી ભારતીય રાષ્ટ્રગાન ‘જન-ગન મન’ સમૂહમાં સંવાદિત કરી સન્માન અપાયું હતું. અને સભાખંડમાં ઉપસ્થિત તમામ સભ્યોએ પણ સ્થાન પર ઉભા રહી ભારતીય રાષ્ટ્રગીતનું સન્માન વધાર્યુ હતું. અને એ સાથે જ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના વર્ષ ૨૦૧૮ દરમ્યાન સદ્‌ગત થયેલ સ્વર્ગવાસીઓને બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

ઉપસ્થિત સર્વેનું સ્વાગત કુમારી નીકી જીતેન્દ્ર મિસ્ત્રી-વિરાર દ્વારા સુંદર નૃત્ય દ્વારા સ્વાગત ગીતની સુંદર રચના કરવામાં આવી હતી.

